ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરમાં ઉજવાશે સન્માન પર્વ : 'ફાધર્સ ડે'

## ખીસ્સુ ખાલી હોય ને તોય બાળકને ના પાડતા નથી તેવા દરેક અમીર પિતાનો આજે દિવસ

ગાંધીનગર, તા.૨૦

પાપા પગલી તે કીધી જાલીને મારો હાથ,
જીવની ઢગલી મેં આખી રાખી છે તારી કાજ....!!!

બાળક જયારે જન્મ લે છે ત્યારથી જ પિતા ઉપર બાળકની જવાબદારી આવી જાય છે. બાળક ભલે આખો દિવસ તેની માતા પાસે જ રહે પરંતુ તેને પિતાના ઘરે આવવાની રાહ હોય છે. બાળકને માતા તરફથી પ્રેમ અને કરૂણા મળે છે ત્યારે પિતા પાસેથી આદર સત્કાર સાથેનો પ્રેમ. એક બાળકને પોતાની માતાને 'તું' કહીને સંબોધતા સાંભળ્યું હશે પણ પિતાને તે 'તમે' કહીને જ સંબોધે છે. પિતાના બલિદાનની તો વાત થાય તેમ જ નથી અને પોતાના તમામ બલિદાન અને બાળક પ્રત્યેના પ્રેમને બિરદાવવા માટે જ દર વર્ષે જુન મહિનાના ત્રીજા રવિવારે 'ફાધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે અને શહેરીજનો પણ વર્ષોથી આ દિવસને ઉજવે છે. આજે પણ કોરોનાકાળમાં નગરજનો ઘરે રહીને પણ આ દિવસની ઉજવણી કરશે. આ દિવસ સૌ પ્રથમ ઈ.સ. ૧૯૧૦માં ઉજવવામાં આવ્યો હતો. વિશ્વભરમાં ફાધર્સ ડે જુદી જુદી તારીખો પર ઉજવવામાં આવે છે. આ દિવસે બાળકો તેમના પિતાને ભેટ આપે છે અથવા તો ઘરથી દૂર રહેતા દીકરા દીકરી ખાસ આ દિવસે પિતાને મળવા જાય છે.

બાપા, પિતાજી, તાત, પપ્પા, ડેડી, વાલિદ, અબ્બાજાન આમ કોઈ પણ એક સંબોધનથી બાળક પિતાને બોલાવે છે. કહેવાય છે કે એક પિતા એ દિકરાના પ્રથમ હીરો અને દીકરીનો પ્રથમ પ્રેમ છો. દીકરો નાનાથી મોટો થાય ત્યાં સુધી પોતાના પિતાની કોપી કરતો હોય. પિતાના ચપ્પલ, શુઝ તેમની બોલવાની ઢબ કે તેમની અમુક સ્ટાઈલમાં દીકરો પિતાનું અનુકરણ કરે છે. કહેવાય છે કે, માતાને હંમેશા દિકરો અને પિતાને પોતાની દીકરી વ્હાલી હોય છે. એટલે જ તો દિકરી જયારે સાસરે જાય ત્યારે સૌથી વધુ દુઃખ દીકરીના પિતાને થાય છે અને ઘરમાં જયારે દીકરાની વહુ આવે ત્યારે સૌથી વધુ ખુશી માતાને થાય છે.

પિતા પોતાના બાળકના જીવનમાં શિસ્ત, નૈતિકતા અને માર્ગદર્શન આપવામાં મોટી ભૂમિકા ભજવે છે. પિતાનું સમગ્ર જીવન પોતાના બાળકોના ઉજજવળ ભવિષ્ય અને જરૂરિયાતો પૂર્ણ કરવામાં જ નકળી જાય છે. પિતાના પ્રેમની કોઈ સીમા નથી હોતી. માતા હંમેશા પોતાના બાળકોને પિતાની બીક આપતી રહેતી હોય છે. જેથી બળક ભણવા બેસે અથવા તો શિસ્તમાં રહે અને કયારેક પિતા એ આ બાબતને લઈ બાળક પર ગુસ્સો કરી લીધો હોય એટલે બાળક પણ પિતાથી ડરતો હોય છે. પરંતુ આ કઠણ દેખાતા પિતાનું હ્દય એટલું કઠણ નથી હોતું તે અંદરથી નરમ હોય છે.



પિતાની હાજરી સુરજ જેવી હોય છે. સુરજ ગરમ જરુર થાય છે પણ તેની અનઉપસ્થિતિમાં અંધારું છવાઈ જાય છે. ભારતીય ફિલ્મ જગતમાં તો પિતાના ત્યાગ અને સમર્પણ પર ઘણી ફિલ્મો બની ચુકી છે.

કહેવાય છે કે પિતા વૃક્ષ જેવા છે તેમની છાયા જેને મળે તે નસીબદાર છે.

આજના દિવસે દરેક પિતા માટે :
કયારેક પિતા સ્વરૂપે તો
કયારેક મિત્ર રૂપે,
તમારો હાથ અમારા ઉપર છે
આર્શિવાદ સ્વરૂપે,
જયારે નાના હતા ત્યારે
સમજ તો ઓછી હતી,
તો પણ હંમેશા અમારા પ્રેમ પર
કર્યો છે વિશ્વાસ તમે,
પ્રેમ અને સંસ્કારોનું
સિંચન પણ કર્યું તમે,
હ્દય જેનું વિશાળ છે તેમને
હવે ભેટ શું આપીએ?
બસ ઈશ્વરને પ્રાર્થના જ..
કે, હર જન્મમાં પિતા તો
તમે જ....!!!

# સે-૬-એ માં પાઈપલાઈન નાંખ્યા પછી અધૂરાં મુકેલા રોડને કારણે હાલાકી

### મોટા ખાડાઓ સાથે કાદવકીચડના સામ્રાજયથી રહીશો ત્રસ્ત : રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવ સાથે રોગચાળો ફેલાવાનો ભય

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૬-એના રહેણાંક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે રોડ તોડીને પાઈપલાઈન નાંખવાનું કામ તાજેતરમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્ય બાદ આ વિસ્તારમાં કોવિડ-૧૯ના કેસને કારણે કન્ટેનમેન્ટ વિસ્તાર જાહેર થતાં રોજ નિર્માણનું કાર્ય અધુરું રહી જવા પામ્યું છે જે આજદિન સુધી પુરું કરવામાં આવ્યું ના હોવાથી તાજેતરમાં પડેલા વરસાદ પછી કાદવ કીચડ સાથે મોટા ખાડા પડી જવા પામ્યા છે. જેના કારણે આ વિસ્તારના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેકટર-૬-એના પ્લોટ નં. ૪૫૫/૨, ૪૫૬/૧, ૪૫૭/૧, ૪૫૭/૨, ૪૫૮/૧ અને ૪૪૯/૧ની સામેના ડામર રોડને વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન નાંખવા



તંત્ર દ્વારા ખોદી નાંખવામાં આવ્યો હતો. આ રહેણાંક પ્લોટસની નજીકના અંબાજી મંદિરના ચોકમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે આ કાર્ય હાથ ધરાયું હતું. આ સાથે સેકટર-૬ના આંતરિક માર્ગોના નવીનીકરણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું હતું જયારે સ્ટોર્મ વોટર પાઈપલાઈનનું કામ પુરું થયું તે દરમિયાન સે-૬-એમાં કોવિડ-૧૯ના કેસને કારણે વિસ્તારને કન્ટેનમેન્ટ જાહેર કરવામાં આવતા આ વિસ્તારમાં રોડના કાર્યો અધૂરા રહી જવા પામ્યા હતા જે હવે કન્ટેનમેન્ટ હટી જવા છતાં પુરાં કરવામાં નથી આવી રહ્યા. આ વિસ્તારના રહીશો દ્વારા ઈન્કવાયરી ઓફિસથી માંડીને મેયર સુધી લેખિત રજૂઆતો કરવા છતાં આ રોડ નિર્માણનું કાર્ય હાથ ધરાતું નથી જેના કારણે આ વિસ્તારમાં કાદવ કીચડનું સામ્રાય છવાયું છે અને રોગચાળો ફેલાવતા જીવજંતુઓની ઉત્પત્તિ સાથે અકસ્માતનો ખતરો પણ વધ્યો છે. જેથી સત્વરે આ માર્ગનું કામ પુરું કરવામાં આવે તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# ઘ-૪ થી ઘ-૫ વચ્ચે કારચાલકને છેતરવાનો નવો કિમિયો

## છેલ્લા બે માસમાં આવા ગ્રાહકોને છેતરવાની ચારથી પાંચ ઘટના બની

ગાંધીનગર, તા.૨૦

ઘ-૪થી ઘ-૫ની વચ્ચે ડાબી બાજુ સ્વામીનારાયણથી લગભગ ૨૦૦થી ૩૦૦ મીટર ઘ-૪ તરફ પાછળથી મગોડી હાઈસ્કુલમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ૧૫મી જૂનના રોજ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ હોવાથી સવારે ૭.૩૦ કલાકે પોતાના ઘરેથી ગાડી જીજે-૧૮-બી.સી. ૨૧૩૪ લઈ શાળાએ જવા નીકળ્યા હતા ત્યારે ઘ-૪ થી ઘ-૫ની વચ્ચે સ્વામીનારાયણ સ્કુલ પાસે એક બાઈકચાલકે ઈશારો કરીને ગાડી રોકી કહ્યું સાહેબ તમારી ગાડીમાંથી ઓઈલ ટેન્કનો વાલ્વ તૂટી ગયો છે અને બધું જ ઓઈલ નીકળી ગયું છે પરિણામે ગાડી સાઈડ કરી મેં ગાડીનું બોનેટ ખોલ્યું તેણે પોતાની ઓળખ ગેરેજવાળા તરીકે આપતા મિકેનીકલ ભાષામાં ઓઈલ નીકળી ગયું છે તેવું સમજાવ્યું. મનુભાઈએ કહ્યું કે હું મારી ગાડી શીતલ મોટર્સમાં રીપેરીંગ કરાવું છું ત્યારે તેણે કહ્યું હું તમને ઓળખું છે અને તેણે પોતાનું નામ રાકેશ કહ્યું. કારમાલિક વિશ્વાસમાં આવી જતા અને શાળાએ જવાની ઉતાવળ હોવાથી ૨૦૦૦ રૂ. રોકડા રાકેશને આપ્યા. તેણે કહ્યું સામે જ મારું ગેરેજ છે દશ મિનિટમાં સામાન લાવી ગાડી રીપેર કરી આપું છું. પણ અડધો કલાક સુધી મનુભાઈએ રાહ જોઈ પરંતુ તે પાછો ન આવતા તેમને શંકા પેદા થતાં તેમણે શીતલ મોટર્સમાં રશ્મિનભાઈ સાથે ફોન દ્વારા વાતચીત કરતાં રશ્મિનભાઈએ કહ્યું કે સાહેબ તારી સાથે છેતરપિંડી થઈ છે. છેલ્લા બે માસમાં આવી ચાર કે પાંચ ઘટનાઓ ગ્રાહકો સાથે થવા પામી છે.

આવી જ ઘટના ચિલોડા સ્થિત અક્ષર કોમ્લેક્ષમાં ગોપી ઝેરોક્ષના માલિક પ્રવિણસિંહ સાથે પણ એકાદ મહિના પહેલાં બની હોવાનું જાણવા મળે છે. આ અંગે કાર માલિક મનુભાઈ પ્રજાપતિએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી થવા અંગે અરજી કરી તપાસ કરી ગુનેગાર સુધી પહોંચવા તપાસ કરવા જણાવ્યું હતું.

## પેથાપુર જીઈબી પાસેથી ૮ બોટલ દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર જીઈબી માર્ગ પરથી એક શખ્સ પાસેથી ૮ બોટલ વિદેશી દારૂ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૫૪૨૦ની કિંમતનો ૮ બોટલ દારૂ, હિરો ડિલક્ષ બાઈક રૂ.૨૦ હજારનું અને એક મોબાઈલ મળી કુલ ૨,૦૦૦ મળી કુલ રૂ.૨૭,૪૨૦નો મુદ્દમાલ કબ્જે કરી યુવકને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં પોલીસ જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર સંજરી પાર્ક સામેના માર્ગ પરથી એક યુવક બાઈક પર વિદેશી દારૂ લઈને પસાર થવાનો છે. જેને પગલે પોલીસ જવાનો ગોઠવાઈ ગયા હતા, તે દરમિયાન પેથાપુર સંજરીપાર્ક તરફથી આવતા એક બાઈક નં. જી.જે.૧૮.સી.એસ.૧૨૨૪ સાઈડમાં કરાવી પુછતાછ કરતા યુવકે જયરામભાઈ બાબુભાઈ સોઢાભાઈ ઠાકોર (ઉં.૨૮ રહે. પેથાપુર જીઈબી છાપરા) ને પકડી પાડ્યો હતો. પોલીસે રૂ.૫૪૨૦નો કિંમતનો વિદેશી દારૂ, હીરો હોન્ડા ડિલક્ષ બાઈક કિં.૨૦ હજાર અને એક મોબાઈલ કિ.૨૦૦૦ મળી કુલ રૂ. ૨૭૪૨૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આદિવાડમાંથી મહિલા બુટલેગર ઝડપાઈ

શહેરમાંસમાવિષ્ટ આદિવાડા ગામ ખાતે આવેલા રામપીર મંદિરની સામે સવિતાબેન મુકેશજી દેવીપુજક વિદેશી દારૂનું વેચાણ કરે છે તેવી બાતમી સે-૨૧ પોલીસને મળતા પોલીસે રેઈડ પાડતા પ્લાસ્ટીકના થેલામાંથી વિદેશી દારૂની ૯ બોટલ પોલીસને મળી આવી હતી. જે તેમણે કોલવડા ગામના નરેશ રાવળને બે દિવસ અગાઉ આપ્યો હતો. પોલીસે ૪,૦૦૦ની ૯ બોટલ કબ્જે કરી બંને સામે પ્રોહિ. એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજય યોગ બોર્ડ દ્વારા ઓનલાઈન યોગ કલાસ

### વિશ્વ યોગ દિને 'કોમન યોગા પ્રોટોકોલ' રાજય યોગ બોર્ડ અને મુખ્યમંત્રીશ્રીના ફેસબુક પેઇજ પરથી લાઇવ કરાશે

ગાંધીનગર, તા.૨૦

રાજયમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોગ સપ્તાહ અંતર્ગત વિવિધ ઓનલાઈન યોગ કાર્યક્રમો ચાલી રહ્યાં છે ત્યારે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા વિવિધ ઓનલાઈન યોગ કલાસનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિશ્વ યોગ દિવસ નિમિતે તા. ૨૧મી જૂને 'કોમન યોગા પ્રોટોકોલ' ગુજરાત રાજય યોગ બોર્ડ અને મુખ્યમંત્રીશ્રીના ઓફિશ્યલ ફેસબુક પેઈજ પરથી લાઈવ કરવામાં આવશે તેમ ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજીએ જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિની દેન યોગને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ સતત કાર્યશીલ છે. યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં અત્યાર સુધી ૧૨૬ યોગ કોચને તાલીમ આપવામાં આવી છે. આ તાલીમબદ્ધ યોગ કોચ દ્વારા રાજ્યનાં ૫ હજારથી વધુ યોગ ટ્રેનરોને તૈયાર કરાયા છે. આ તૈયાર થયેલા યોગ ટ્રેનરો મારફતે અન્ય લોકો સુધી યોગની પ્રવૃત્તિઓ થાય અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ કલાસ શરૂ કરી સતત આરોગ્યલક્ષી પ્રયત્નો થઈ રહયા છે.

ચેરમેનશ્રી એ ઉમેર્યુ કે, ભારતીય સંસ્કૃતિ 'યોગ'ને સમગ્ર વિશ્વમાં પહોંચાડવાના આશયથી ૨૧ જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઘોષીત કરાવવામાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સુચન કર્યુ હતું. જેના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૫થી ૨૧મી જુને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. જે સંકલ્પને પરીપુર્ણ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૨૧ જુન ૨૦૧૯ના રોજ "ગુજરાત રાજય યોગ બોર્ડ"ની રચના કરવામાં આવી છે.


ચેરમેનશ્રી શિશપાલજીએ જણાવ્યુ છે કે, સમગ્ર ભારત દેશમાં ગુજરાત જ એક એવુ રાજ્ય છે કે જે યોગ જાગૃતતા અંગેનું અભિયાન ચલાવી રહ્યુ છે. ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકોનો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. હવે મેડીકલ સાયન્સએ પણ સ્વીકારી લીધુ છે કે યોગ એ માત્ર શારીરીક વ્યાયામ નહી સંપુર્ણ ચિકિત્સા વિજ્ઞાન છે. હવે દરેક રોગોનું સમાધાન યોગથી શક્ય બન્યું છે, જીવનમા સારૂ સ્વાસ્થ્ય, સફળતા અને સંપુર્ણ સુખોને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ યોગ છે. જેથી યોગ કરી તંદુરસ્ત ભારતનું નિર્માણ કરવા સૌને અપીલ કરી છે.

# સૂર્યગ્રહણ વિષયે સાયન્સ સિટી દ્વારા ખાસ સંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

રવિવારે વર્ષ ૨૦૨૦નું પ્રથમ સુર્યગ્રહણ થવાનું છે ત્યારે અવકાશરસિયાઓ ઉત્સાહિત છે. ચક્રિય સુર્યગ્રહણ જે 'રીંગ ઓફ ફાયર' તરીકે પણ ઓળખાય છે તે જોવાનો લ્હાવો પ્રાપ્ત થશે.

ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજીત વેબિનારમાં સૂર્યગ્રહણનો ઉત્સાહ જોવા મળ્યો હતો જેમાં ઈસરોના નિવૃત્ત વિજ્ઞાની સી.એમ. નાગરાણીએ આકાશી ઘટનાનાં વિવિધ પાસાઓ સમજાવ્યાં હતા. સૂર્યગ્રહણનું પ્રદર્શન કરતા ડો.નાગરાણીએ કહ્યું કે જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર પસાર થાય ત્યારે સૂર્યગ્રહણ થાય છે. "જ્યારે આવું થાય છે ત્યારે ચંદ્ર પૃથ્વીની થોડી કે આખી સપાટી પર સુર્યના કિરણો પહોંચતા અટકાવે છે. ચંદ્રનો પડછાયો પૃથ્વી ઉપર પડે છે.




સુર્યગ્રહણ સામાન્ય રીતે ચંદ્રગ્રહણના બે અઠવાડિયા પહેલા કે પછી થાય છે. છેલ્લું ચંદ્રગ્રહણ ગત તા. ૫ જૂને થયું હતું." તેમણે કહ્યું અમદાવાદમાં સુર્યગ્રહણ સવારે ૧૦.૦૩ કલાકે શરૂ થશે અને બપોરે ૧.૩૨ સુધી દેખાશે. સૂર્યગ્રહણના ત્રણ પ્રકાર હોય છેઃ સંપૂર્ણ, આંશિક અને ચક્રિય. સંપૂર્ણ સૂર્યગ્રહણમાં, ચંદ્ર સૂર્યને સંપૂર્ણપણે ઢાકે છે. આંશિક સૂર્યગ્રહણમાં, ચંદ્ર સૂર્યને માત્ર આંશિક રીતે ઢાંકી દે છે, જેનાથી સૂર્ય અર્ધચંદ્રાકાર આકારમાં દેખાય છે. ચક્રિય સૂર્યગ્રહણમાં, ચંદ્ર તેની લંબગોળ ભ્રમણકક્ષામાં પૃથ્વીથી દૂર હોય છે તેથી તે સૂર્યને સંપૂર્ણ રીતે ઢાંકી શકતો નથી. જેથી ચંદ્રના સપાટીની આજુબાજુ ચક્રિય પ્રકાશ 'રીંગ ઓફ ફાયર' બનાવે છે. એક વર્ષમાં ન્યૂનતમ ચાર અને મહત્તમ સાત ગ્રહણો - સુર્ય અને ચંદ્ર - ગ્રહણ થાય છે. વિશ્વએ પહેલાથી જ બે ચંદ્રગ્રહણ જોઈ લીધા છે અને ત્રીજું આવતા મહિને થશે. આ વર્ષે છ ગ્રહણ થવાના છે.

ડો.નાગરાણીએ સૂર્યગ્રહણ સમયે સૂર્યને સીધો ન જોવાની સલાહ આપે છે કારણ કે તે રેટિનાને નુકસાન કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે લોકોએ બોક્ષ પ્રોજેકટર દ્વારા સૂર્યને જોવો જોઈએ અથવા સૌર ફિલ્ટર્સનો ઉપયોગ કરીને દૂરબીનનો ઉપયોગ કરવો જોઈએ.

# દેશભરમાં જિલ્લા કક્ષાના એક હજાર ખેલો ઈન્ડિયા સેન્ટર્સ બનાવાશે

## કેઆઈસીની સ્થાપનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા મહત્વની ભૂમિકા ભજવશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના ડાયરેકટર પી.કે. રાઘવે જણાવ્યું છે કે ભારત સરકારના રમતગમત મંત્રાલય દ્વારા દેશભરમાં જિલ્લા કક્ષાના એક હજાર 'ખેલો ઈન્ડિયા સેન્ટર્સ' સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં સાઈ મહત્વની ભૂમિકા ભજવશે. સાઈ દ્વારા એકટેન્શન સેન્ટર્સને કેઆઈસીમાં પરિવર્તિત કરવાના વિકલ્પ ઉપરાંત કેઆઈસીમાં તાલીમ આપવા માટે ભૂતપૂર્વ ખેલાડીઓની ભરતી કરવાની પ્રક્રિયા પણ યોજાવાની નાણાંકીય ગ્રાન્ટના આધારે કરશે.

ભારતમાં એથ્લેટિકસ ક્ષેત્રે ખેલાડીઓને સઘન તાલીમ મળી રહે તે હેતુથી દેશભરમાં એક હજાર જેટલાં જિલ્લા કક્ષાના 'ખેલો ઈન્ડિયા સેન્ટર્સ' એટલે કે કેઆઈસીની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ આ કેઆઈસી કેન્દ્રો પર ભૂતપૂર્વ પ્રતિષ્ઠિત તથા અનુભવી ખેલાડીઓ દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવાની તક આપવામાં આવશે જે તેમના માટે આવકનું એક સાધન પણ બનશે. ભારતીય રમતગમત ક્ષેત્રે ભૂતપૂર્વ ખેલાડીઓ તેમના અનુભવ અને જ્ઞાન થકી યોગદાન આપી શકે અને વિશ્વમાં આ ક્ષેત્રે ભારતને સુપરપાવર બનાવી શકાય તે દિશામાં પ્રયાસરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે તેવું કેન્દ્રિય ખેલ મંત્રી કિરણ રિજ્જુજીએ જણાવ્યું હતું. આ સાથે તેમણે વાલીઓને તેમના બાળકોની સ્પોર્ટસ કેરિયર વિકસાવવા ગંભીર બનવા સલાહ આપી હતી જેના કારણે તેમના સંતાનોની જીંદગી ગૌરવપૂર્ણ તથા નાણાંકીય સ્થિરતા પણ પ્રાપ્ત કરી શકે. આ સાથે ભૂતપૂર્વ ખેલાડીઓ જો ઈચ્છે તો પોતાના ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે જાતે કેઆઈસી સ્થાપિત કરી શકશે તેમજ પાંચ વર્ષથી વધુ સમયથી રમતગમત ક્ષેત્રે જોડાયેલ સંસ્થા પણ કેઆઈસી સ્થાપિત કરી શકશે.

### કઈ કઈ રમતો માટે કેઆઈસી સ્થપાશે?

કેઆઈસી એટલે કે ખેલો ઈન્ડિયા સેન્ટર્સ માટે કુલ ૧૪ રમતો કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે. આ રમતોમાં તિરંદાજી, એથ્લેટિકસ, બોકિંસગ, બેડમિન્ટન, સાયકિંલગ, તલવારબાજી, હોકી, જુડો, રોઈંગ, શુટિંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વેઈટ લિફટીંગ, કુશ્તી, ફુટબોલ અને પારંપરિક રમતોનો સમાવેશ કરાશે.

### ચાર કેટેગરીમાં ભૂતપૂર્વ ખેલાડીઓ તાલીમ આપશે

કેઆઈસીમાં દેશના ભૂતપૂર્વ ખેલાડીઓ તેમના અનુભવ તથા જ્ઞાનનો ઉપયોગ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં કરી શકશે તથા પોતાના માટે એક આવકનું સાધન પણ નિર્ધારિત કરી શકશે. કુલ ચાર કેટેગરીમાં ભૂતપૂર્વ ખેલાડીઓ આ યોજનાનો લાભ લઈ શકશે. જેમાં પહેલી કેટેગરીમાં જે એથ્લેટસે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી જાણીતી સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કર્યા હોય, બીજી કેટેગરીમાં રાષ્ટ્રીય કક્ષાએ એનએસએફ પ્રમાણિત સ્પર્ધામાં મેડલ વિજેતા ખેલાડીઓ, ત્રીજી કેટેગરીમાં રાષ્ટ્રીય કક્ષાએ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં મેડલ વિજેતા ખેલાડીઓ તથા ચોથી કેટેગરીમાં સિનિયર નેશનલ ચેમ્પિયનશીપ જે એનએસએફ માન્ય કે ખેલો ઈન્ડિયામાં રાજય વતી રમેલા ખેલાડીઓનો સમાવેશ થાય છે. જમ્મુ-કાશ્મિર તથા આંદામાન-નિકોબાર તથા લદ્દાખ માટે એનઆઈએસ સર્ટિફિકેટ માન્ય ગણાશે.

# કલ્યાણજીના પરામાંથી જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામની બાજુમાં આવેલા કલ્યાણજીના પરા ખાતે ઝાડની નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શકુની પેથાપુર પોલીસના હાથે ઝડપાયા છે. મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાં જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળતા પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા પોલીસે કલ્યાણજીના પરાના કાન્તીજી ગલાજી ઠાકોર, ભરતજી છનાજી ઠાકોર, અને મહેશજી બળદેવજી ઠાકોર ને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ. ૪૫૦ તેમજ અંગઝડતી દરમિયાન રૂ.૩૦૦૦ અને ૧૧ હજારના ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૪,૪૫૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ત્રણેયની જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી હમીરભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૭, મુ.કલોલ
- સ્વ. પંચાલ બળદેવભાઈ અંબાલાલ, ઉ.વ. ૭૩, ગામ-શિહોલી મોટી
- સ્વ. વાઘેલા જશુબેન દલપુજી, ઉ.વ. ૬૯, મુ. પીંળજ (નવા)
- સ્વ. મનુભાઈ પ્રભાશંકર નાયક, ઉ.વ. ૯૩, કલ્યાણપુરા, કલોલ.
- સ્વ. જયંતિજી રતનજી ઠાકોર, ઉ.વ. ૫૪, મુ. જેઠીપુરા